


## સલામી સવારની..

સરકારી ગોધાઓ બામણીનું ખેતર ચરે છે,
મળી જાય હોદ્દો ને તક સાત પેઢી તરે છે.
ડરે છે કોણ કાયદાથી, દેર છે ઈશ્વર ઘેર -
પ્રધાનથી પટ્ટાવાળા સુધી બધા ઘર ભરે છે...
(આઈટી દરોડા)

હાઈકુ

શિખંડી બની
લડે નાપાક યુદ્ધ -
ચીનની ઢાલે...
(પાક.ની ડંફાસ)

કપાઈ મૂઆ !
માંહોમાંહે લડીને -
છતાં છે એક !!
(અમે સંગઠિત છીએ - ગેહલોત)

### ચિંતન

ઈતને તનકે સાઝિયા, જન્મોભરી દુઃખ પાય ।
ચેતન નાહીં મુગુધ નર, મોર મોર ગોહરાય ॥

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આ મનુષ્ય શરીર દેવોને પણ દુર્લભ એવું કિંમતી છે. અનેક જન્મના પુણ્યના પ્રભાવથી એ મળ્યું છે. આત્મકલ્યાણ કરવાનાં સાધન તરીકે પરમાત્મા તરફથી એ રીતે એક અવસર આપવામાં આવ્ય છે. બીજાં પશુઓ વગેરેના જન્મમાં એવો અવસર પ્રાપ્ત થવો અસંભવિત છે. એનું જરા પણ ભાન મનુષ્યને નથી. એથી એ વધારે ને વધારે મોહમાં પડી મનુષ્ય જીવન વેડફી દે છે, એ ખેદની વાત છે.

મનુષ્ય દેહ-શરીર દુર્લભ છે એના થકી પુણ્યકર્મ કરી કર્મનાશ - પાપનાશ કરી શકાય છે બાકી પશુ-પંખી વિચારશક્તિ ધરાવતાં ન હોઈ માત્ર કર્મ પળ ભોગવી શકે છે મુક્તિ માટે કોઈ પ્રયત્ન કરી શકતાં નથી. પણ જીવાત્મા મનુષ્યદેહનું મહત્ત્વ સમજતો નથી.

### સુવિચાર

- માનસિક સ્વાસ્થ્ય માટે મહત્ત્વની બાબત : હું એક મૂલ્યવાન વ્યક્તિ છું - **રોબર્ટ ફ્રોસ્ટ**
- સારા થવાનો પ્રયાસ ન કરો. તમારામાં જે કંઈ સારાપણું છે તેને બહાર કાઢો, તમે એ જ ક્ષણે સારા થઈ જશો - **પુનિત મહારાજ**
- પ્રત્યેક 'અંત' કશાકનો 'આરંભ' છે. જેને આપણે એ સમયે ઓળખી શકતાં નથી - **એન્ટોન ચેખોવ**
- તમારી માન્યતાઓ તમારા કર્મને જન્મ આપે છે અને કર્મમાંથી પરિણામ જન્મે છે, શરત એ છે કે તમારી પાસે માન્યતા તો હોવી જોઈએ ને !! - **બરાક ઓબામા**
- તમારા જખ્મોને ડહાપણમાં પરિવર્તિત કરો - **ઓપ્રા વિનફ્રે**
- નક્કી કરેલા તમારા ધ્યેય સુધી પહોંચવા માગતા હોય તો ત્યાં પહોંચો તે પહેલા મનમાં 'પહોંચી જાવ' - **નારાયણ મૂર્તિ**
- આજનું ઔષધ : પાણીમાં આખુ જીરુ ઉમેરી ઉકાળી નવશેકુ આ પાણી લોહીના દબાણ સામે તરત ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઘણીવાર બૌદ્ધિકો પણ ક્ષુલ્લક બાબત માટે અંટરો ચઢી જતા હોય છે :

લખનૌ અને દિલ્હીના ઉર્દૂ ભાષાના કવિઓમાં ભયંકર ઝઘડો ચાલે. ઝગડાનું મૂળ કારણ એ હતું કે 'રથ' એ સ્ત્રીલીંગ છે કે પુલ્લિંગ ??

વિખ્યાતકવિ મિર્ઝા ગાલિબ દિલ્હીથી લખનૌ કોઈ મુશાયરામાં હાજરી આપવા ગયા. જેવા મિર્ઝા ગઝલ પઢવા ઊભા થયા ત્યાં સભા તોડવાના મકસદથી દિલ્હીવાળા કવિઓ એ મિર્ઝા સાહેબને ઉદ્દેશીને કહ્યં, આ લખનૌવાળા કવિઓ રથને પુલ્લિગ માને છે અને આપણો સૌ દિલ્હી નિવાસી રથને સ્રિલીંગ માનીએ છીએ.' 'તમે પહેલા આની સ્પષ્ટતા કરો પછી જ મુશાયરો આગળ ચાલવા દઈશું.' મિર્ઝા સાહેબે સૌને સમજાવતા કહ્યું આપણે રથથી કામ છે લિંગથી નહિ.' પણ તોફાનીઓએ કહ્યું, 'મિર્ઝા સાહેબ આ કોઈ આસાન વાત નથી, આ તો સાહિત્યની વાત છે. સાહિત્યમાં તો શબ્દોનો ઝઘડો હોય છે.' મિર્ઝા સાહેબ મુશાયરો રણમેદાનમાં ફેરવાતો જોઈ કુનેહપૂર્વક જવાબ આપ્યો, 'જુઓ મહાશયો જયારે રથમાં સ્ત્રીઓ બેઠી હોય ત્યારે રથ સ્રિલિંગ કહેવાય, અને જયારે રથમાં પુરુષો બેઠા હોય ત્યારે પુલ્લિગ કહેવાય.' ઝઘડો આગળ વધતો અટકી ગયો અને મુશાયરાનો રથ માંડ આગળ ચાલ્યો.

# ત્રણ વર્ષના સરવૈયા પર નજર

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન તરીકે સંભાળેલી કાગીરીનાં ત્રણ વર્ષનું મોદી સરકારનું સરવૈયું એકંદરે સંતોષકારક છે અને હજી સુધી ભ્રષ્ટાચારની કોઈ નોંધપાત્ર ઘટના બહાર નથી આવી તે એની વિશેષ સિદ્ધિ છે. મોદી એક કર્મઠ સ્વયંસેવકની જેમ સરકાર ચલાવે છે, જે ફક્ત અને ફક્ત એમને દોરેલી લાઈન દોરી પર ચાલે છે. એ રીતે જોતાં એમના શાસન પર એકહથ્થુ હોવાનો આક્ષેપ જરૂરી કર શકાય, પરંતુ પ્રજાને તો ઊલટાનું આ પ્રકારનું શિસ્તબદ્ધ અને પરિણામલક્ષી શાસન ગમતું હોય છે. સિદ્ધિઓ જેલી જ મોટી મર્યાદાઓ પણ છે; પણ કુનેહપૂર્વક એમના પર ઢાંકપિછોડો કરવામાં મોદી સફળ રહ્યાં છે. આતંકવાદ, નકસલવાદ, ગેંગરેપ જેવા બનાવો બનતા જ રહે છે. ખેડૂતો આત્મહત્યા કરતા જ રહે છે. સરકારને એની પડી નથી! ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે મોદી એક સમયના એમના સિનિયર નેતાઓ - સુષમા સ્વરાજ, અરુણ જેટલી, વેંકૈયા નાયડુ કે રાજનાથસિંહ જેવાઓને પણ નિયંત્રણમાં રાખી શક્યા છે. તમામ પાસે એ પોતાનું ધાર્યું કરાવે છે અને તમામને સુશાસનનું શ્રેય મોદીના નામે ચડાવવું પડે છે. ત્રણ વર્ષ જેટલા લાંબા સમયગાળાં સુધી મહત્ત્વાકાંક્ષી પ્રતિસ્પર્ધીઓ ઊનો હરફ સુધ્ધાં ન ઉચ્ચારી શકે એ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવ વિચક્ષણ રાજપુરુષ હતા, પરંતુ અર્જુનસિંહ જેવા અસંતુષ્ટો એમની ઊંઘ હરામ કરવાની એક પણ તક જવા દેતા નહોતા. નરેન્દ્ર મોદીએ અદલ ઈંદિરા ગાંધી જેવો પ્રભાવ ઊભો કરી એમના મંત્રીમંડળના સાથીઓ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સહિત તમામની બોલતી બંધ કરી દીધી છે. પાર્ટી એમનો પર્યાય બની ગઈ છે. એમાં કયારેય, કોઈ પણ સ્તરે વિરોધ કે પ્રતિકારનો સૂર ઊઠે જ નહીં એવી વ્યવસ્થા ગોઠવીને મોદી એમની પોતીકી ગતમાં એકધારી આગેકૂચ કરી રહ્યા છે. વિવિધ ક્ષેત્રે વિવિધ પ્રકારના વિક્રમો આંબવા એ મોદીની ખાસિયત છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ'નું સૂત્ર એમણે દેશભરમાં ગૂંજતું કર્યું છે અને એક સમયની જમણેરી વિચારધારાવાળી રાજકીય પાર્ટી તરફ દેશના કરોડો ગરીબો તથા નીચલા થરના લોકો પણ આકર્ષાયા છે. મોદીએ કેટલાંક બોલ્ડ સ્ટેપ લઈ દેશની પ્રજાને પોતાની કાર્યદક્ષતા અને નૈતિક હિંમતનો પરચો આપી દીધો છે. નોટબંધીના પગલાથી ભલે કોઈ ચૂંટણીલક્ષી ફાયદો જ થયો હતો કે મોદી મૂડીવાદીઓ સામે પણ કડક બની શકે છે. અલબત્ત ઉદ્યોગપતિઓ પૈકી કોઈએ નોટબંધીનો વિરોધ ન કર્યો, તે સૂચક છે. પાકિસ્તાન વિરુદ્ધ 'સર્જિક સ્ટ્રાઈક' જેવાં પગલાંથી એમની છાપ એક સાહસિક નેતા તરીકે પ્રસ્થાપિત થઈ અને લાલ બત્તી કલ્ચર ખતમ કરીને તેઓએ પ્રજાના મનની વાતને સાકાર કરી. જો કે અંગત રીતે પોતાના લકઝુરિયસ પ્રવાસો તથા હાઈફાઈ સિક્યુરિટીના મુદ્દે તેઓ વિવાદમાં પણ રહ્યાં છે. વિદેશ પ્રવાસોમાં એમને નવો વિક્રમ સ્થાપ્યો છે. પ્રચારમાં એમને કોઈ પહોંચી શક્યું નથી. વિપક્ષો લગભગ નામશેષ બની ગયા છે અને કયારેક 'ઈંદિરા ઈઝ ઈંડિયા' જેવી પરિસ્થિતિ સરજાયેલી એથી પણ વધારે એકહથ્થુ સામ્રાજય જમાવી નરેન્દ્ર મોદી પ્રાચીન સમયના 'ચક્રવર્તી' સમ્રાટ બની રહ્યા છે. એમને અડવઆણી અને મુરલી મનોહર જોષી જેવા વરિષ્ઠ નેતાઓને કુનેહપૂર્વક રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધા છે. પંડિત નહેરુ કે પ્રિયદર્શિની ઈંદિરા ગાંધી કરતાં મોદી વિદેશોમાં વધુ લોકપ્રિય બની શક્યા છે. અંગ્રેજી ભાષામાં મુશ્કેલી છતાં તેઓ યુનો સહિતનાં વિદેશી પ્લેટફોર્મ ગજવતા રહ્યાં છે. એમને 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવા કાર્યક્રમો આપી વિશાળ યુવા સમુદાયને આકર્ષ્યો છે. આ તમામ સિદ્ધિઓ છતાં એટલી જ મોટી એમની મર્યાદાઓ પણ બહાર આવી છે; વધતી જતી સાંપ્રદાયિક ઘટનાઓ, નકસલવાદ અને આતંકવાદની ઘટનાઓથી દેશ ત્રાસી ગયો છે. જો કે પ્રચારકુશળ નેતાઓ એમની નિષ્ફળ વિદેશનીતિ કે કાળાં નાણાં પાછાં લાવવામાં મળેલી નિષ્ફળતા ઉપરાંત પાડોશી દેશો સાથેના સંબંધોમાં આવેલ કડવાશ કે કાશ્મીરમાં સતત વધતા રહેતા ભારત વિરોધી પ્રચાર જેવા મુદ્દાઓ પરત્વે પ્રજાનું ધ્યાન ન દોરાય એવા નુસખા અજમાવી પોતાની સર્વોપરિતા અકબંધ જાળવી રાખી છે, તેની નોંધ પણ લેવી જ રહી.

# મો.ક. ગાંધી : કટ્ટરવાદી કોમ્યુનિસ્ટ




કોઈ પણ વ્યક્તિના પત્રનો ગાંધીજી પ્રત્યુત્તર અચૂક આપતા હતા. ગાંધીજીએ દેશની વિવિધ સમસ્યાઓમાં સંદર્ભે જે તે સમયે આપેલા પત્ર પ્રશ્નાર્થીને આપેલા જવાબોનું સંકલન કરીને સસ્તા સાહિત્ય મંડળ પ્રકાશને 'ગાંધીજીને કહા થા' એવા શીર્ષક સાથે નાનકડી પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી છે. આ પુસ્તિકાના ભાગ નં. ૧ માં એક સવાલ એવો ઉપસ્થિત થયો હતો કે આર્થિક સમાનતાનું ધ્યેય હાંસલ કરવામાં આપની કાર્યપદ્ધતિ અને સામ્યવાદી કે સમાજવાદી પદ્ધતિમાં ફેર શું છે? ગાંધીજી આ ભાઈને જવાબ આપતા લખે છે :

**દાન લેવાનું બંધ કરીએ તો ધનિકો ધન સંગ્રહ કરવાનું છોડી નહીં દે**

'સામ્યવાદીઓ અને સમાજવાદીઓનું કહેવું એમ છે કે આજના સમયમાં તેઓ આર્થિક સમાનતાનો જન્માવવામાં કશું કરી શકે એમ નથી. હા, આર્થિક સમાનતાને લાવવા માટે પ્રચાર અવશ્ય કરી શકે. એ સિવાય જનજાગૃતિ શક્ય નથી. જન જાગૃતિ કે પ્રચાર દ્વારા આર્થિક અસમાનતા સામે લોકોમાં દ્વેષ અને વેર પેદા કરીને કે એમાં વધારો કરીને તેઓ કાર્યરત થવા ઈચ્છે છે. જો લોકોમાં આર્થિક અસમાનતા સામે જયાં સુધી વિરોધ પેદા ના થાય ત્યાં સુધી શોષણનો ભોગ બનતી બહુ મોટી વસ્તી આર્થિક સમાનતા માટે વિચારી ના શકે એવી માન્યતા તેમની છે. સામ્યવાદીઓ અને સમાજવાદીઓનો મત એવો છે કે જયાં સુધી સમાનતાનો પ્રશ્ન છે ત્યાં સુધી રાજ-સત્તા મેળવ્યા પહેલા સમાનતા મેળવી ના શકાય. જયારે રાજસત્તા પ્રાપ્ત કરવામાં આવે (બળવો કે હિંસાત્મક ક્રાંતિ દ્વારા) એ પછઈ લોકો પાસે સમાનતાના સિદ્ધાંતનો અમલ કરાવવામાં આવે તો જ આર્થિક અસમાનતા દૂર કરી શકાય.'

સામ્યવાદીઓના આ વિચાર અને અમલ થકી શોષણ વિહીન સમાજરચના માટે આર્થિક અસમાનતનને દૂર કરવાના મનસૂબા વ્યક્ત કરતા હતા. ગાંધીજી આની સામેના સાવ જુદા વિચાર સાથે કહે છે. 'રાજય સત્તા પ્રજાની ઈચ્છા પૂરી કરશે, લોકોને હુકમ દેવાનું કે એમના ઉપર આદેશ અનુસાર કામ કરાવવાની બળજબરી રાજસત્તા કરશે નહીં. ગાંધીજી વધુ સ્પષ્ટ કરતા કહે છે હું ધૃણાથી નહીં પ્રેમની શક્તિથી ભારતીયોને મારી વાત સમજાવીશ અને મનાવીશ. આર્થિક અસમાનતાને અહિંસા દ્વારા જ દૂર કરીને સમાનતા લાવવાના પ્રયત્નો કરીશ.'

આખા સમાજને મારા મત મુજબ અહિંસા થકી સમાનતા પ્રસરાવવાના વિચારમાં જોડ્યા વગર હું રોકાઈશ નહીં. આની શરુઆત સૌથી પહેલાં હું મારા ઘરથી જ કરીશ. ગાંધી કહે છે જો હું પણ ૫૦ મોટરોનો માલિક હોઉં તો ૧૦ વિઘા જમીનનો માલિક હોઉં તો હું મારી કલ્પાની આર્થિક સમાનતાને જન્મ આપી શકું નહીં. સમાનતા લાવવા માટે મારે ગરીબ બની જવું પડે.આ રીતે હું છેલ્લા ૫૦ વર્ષો કે તેથી વધારે વર્ષોથી કરતો આવ્યો છું. ગાંધીજી કહે છે એટલા માટે જ હું કટ્ટર કોમ્યુનિસ્ટ હોવાનો દાવો કરું છું.

ગાંધીજી કહે છે હું ધનવાનો દ્વારા અપાયેલ મોટરકાર કે અન્ય સહાય સખાવતોથી ફાયદો ચોક્કસ લઉં છું. પણ હું એમના વંશમાં સહેજ પણ રહેતો નથી. જો સામાન્ય પ્રજાના હિતની વાત હોય તો હું તમામ ધનવાનો ભલે ગમે તેવી અને માગીએ તેટલી મદદ કરતા હોય હું એમને દૂર હટાવી શકું છું. ગમે તેવો શ્રેષ્ઠી કે દાનવીર હોય પરંતુ જો સામાન્ય માનવીને અન્યાય થતો

અનુસંધાન પાના નં. ૭ પર

# ભજનો : લોકવાણીનો અંતિમ પરિપાક




વાગે ભડાકા ભારી ભજનના
વાગે ભડાકા ભારી
બાર બીજના ધણીને સમરું
નકળંક નેજાધારી... ભજનના..

અજવાળી બીજની કોઈ રાત્રીએ કચ્છ- સૌરાષ્ટ્રના કોઈ નાના એવા ગામમાં સૂતા હો અને અચાનક ઉંઘ ઉડી જાય તો ઉપરના શબ્દો લયબધ્ધ સ્વરે હવામાં વહેતા સંભળાય છે. શબ્દ-સ્વરોના આ તાલબધ્ધ-લયબધ્ધ ભડાકા તબલા-દોકડ અને રામસાગર જેવા સાદા સાધનોની મદદથી કાળીડીબાંગ રાત્રીમાં એક વિશેષ તથા ઉજળી આભામંડળનું સર્જન કરે છે. લોકસાહીત્ય એ તો એક વિશાળ વટ વૃક્ષ સમાન છે. આ વૃક્ષ તેની ડાળે ડાળે બેઠેલા ભિન્ન ભિન્ન પક્ષીઓથી શોભી ઉઠે છે. આજ રીતે લોકસાહિતયનું વિશાળ વક્ષ પણ ગીતો, છંદો, દોહા, સોરઠાઓ, કથાઓ જેવા તેના વિવિધ સ્વરૂપોથી અનેરી શોભા ધારણ કરીને ઉભું છે. પરંતુ સમર્થ સંશોધન અને લોકકવિ ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે તેમ લોકવાણીનો અંતિમ પરિપાક એ ભજનવાણી છે. એટલું જ નહીં ભજનવાણીએ શાસ્ત્રોની અનેકજ્ઞાનસમૃધ્ધ વાતોનો અમૂલ્ય ખજાનો સીધી - સોંસરવી અને સરળ ભાષામાં લોકના દરબારમાં રજૂ કર્યોછે. આથી મેઘાણીભાઈએ કરેલું એક ઐતિહાસિક અવલોકન ફરી ફરી સ્મૃતિમાં આવ્યા કરે છે. મેઘાણીએ લખ્યું : .. જો વેદો, ઉપનિષેદો તેમજ ભાગવત ઈત્યાદિતમાંથી દોહન કરીને આ લોકવાણી જો જનસમાન્યને સ્પર્શે તેવા તાલ સંગીતના કટોરામાં ન ઉતારત તો એક પ્રથમ કોટિની કરુણતા નીપજી હોત.'' વિશાળ જનસમુદાયે આ ભજનવાણીને ખોબે અને ધોબે માણી છે. અંતરના ઉમળકાથી આ વાણી અને તેના વાહકોને વધાવ્યા છે. નારાયણ સ્વામી, પ્રાણલાલ વ્યાસ કે મુગટલાલ જોશી જેવા અનેક મીઠા અને મર્મીલા ભજનવાણીના વાહકોને લોકોએ આકંઠ માણ્યાં છે. આ પરંપરાગત તથા સત્વશીલ સાહિત્ય તેની આંતરશકિતથી જમસામાન્યના હૈયાદ્વારે કાયમી સ્થાન મેળવવામાં સફળ થયેલું છે. આપણી સંતવાણી કાળજયી છે. તેના સ્વર સૂરનું એક જૂદુંજ ખેંચાણ છે.

જમીં આસમાન બાવે
મૂળ વિણ રોપ્યાં જી...
થંભ વિણ આભ ઠેરાણાં હોજી
અખંડ ઘણીને હવે ઓળખો હોજી

ભારતના દરેક ખુણાના બહોળા લોક સમૂહને આ વાણીએ ભીંજવી છે. ગોરખનાથ – રામાનુજ – કબીર – ભાણસાહેબ – જ્ઞાનેશ્વર – તુકોબા – નરસિંહ – દાસી જીવણ – મીરાં – ગંગાસતી જેવા તેજસ્વી નામોનું વિરાટઅને વ્યાપક યોગદાન ભજનવાણીના વિષયમાં છે. છેલ્લા પાંચ કે છ સૈકાઓથી ભજનવાણીનો એક અલગ સામાજિક પ્રભાવ જોઈ શકાય છે. ભકિતમાર્ગના ઉપાસકોને ભજનવાણીનો મોટો આધાર તેમના સાધના પથના માર્ગમાં હાથવગો રહેલો છે. મેઘાણીભાઈ ભકિતરસના આ પ્રવાહને ચૌદમી સદીના વિરાટ અને ભારતવ્યાપી ચમત્કાર તરીકે 'સોરઠી સંતવાણી'માં ઓળખાવે છે. જ્ઞાનની અમૃતધારા આ મધ્યયુગના સંતોએ સરળ ભાષામાં મઠો અને મંદિરોની બહાર લોકદરબારમાં લાવીને મૂકી હતી. આ એક અસાધારણ ઘટના હતી. પ્રેમલક્ષણા ભકિતના રંગે લોકહૈયા રંગાયા હતા.

સખી ! સાંભળ કરું એક
વાતડી, સાંભળતા લાગે મીઠી રે,
સખી ! સતગુરુએ શબ્દ સુણાવિયા
આજ તો અચરજ મેં દીઠી રે.

ભકિતમાર્ગના આ સ્નેહપંથ પર કથની નહિ પરંતુ કરણી પર વિશેષ ભાર છે. સહનશીલતા જેવા ગુણોનુ તેમાંમહત્વ પ્રગટ કરવામાં આવ્યું છે. જયારે સહનશીલતાના ગુણની વાત કરવામાં આવે ત્યારે ધરતીમાતાથી બીજુ મોટું ઉદાહરણ હોઈ શકે નહિ.

જી રે લાખા !
ખુંદી તો ખમે માતા
પ્રથમીને વાઢી તો ખમે
વનરાઈ, કઠણ વચન
મારાં સાધુડાં ખમે,
નીર તો સાયરમાં રે સમાય,
લાખા ! અબળા લોયણ
તમને એમ ભણે હોજી

લોકકવિ અને લોકસાહિત્યના ધૂળધોયા શ્રી મેઘાણીએ સંત સાહિત્યનું સંશોધન સંપાદનનું કાર્ય કર્યું. સંતસાહિત્યનું ભાતીગળ સ્વરૂપ જોતાં પ્રતિતિ થાય છે કે ભકિત પ્રવાહનું આપણું આ સાહિત્ય ઘણાં વ્યાપક તથા વિસ્તૃત સ્વરૂપે ફેલાયેલું છે. શાસ્ત્રોના વચનો તથા અનેક વિચારકોના તત્વચિંતનને સુપાચ્ય તથા સરળ બનાવીને ભકતકવિઓ ઉંડાણના ગ્રામ્ય જીવન સુધી નિષ્ઠાપૂર્વક લઈ ગયા. દુર્ગમ રુઢિની દિવાલો છિન્ન ભિન્ન કરીને આ સંતોએ નવા ચીલા પાડયા છે. જાત તરફની જાત્રાનું મહત્વ આ સંતોએ ગાયું અને સમજાવ્યું છે. ઉદાહરણ તરીકે ભાણસાહેબના પુત્ર ખીમ સાહેબના આ પદમાંભીતરની દ્રષ્ટિને ઉજાગર કરવાની વાત કરી છે. આ માટે બહાર ફરવાનીકયાં જરૂર છે ?


આ કાયામાંપરગટ ગંગા,
શીદ ફરો પંથપાળા,
એ રે ગંગામાં અખંડ નાઈલ્યો,
મત ન્હાવ નદીયું નાળા,
સંતો ફેરો નામની માળા.

ભકિત આંદોલન રાષ્ટ્રવ્યાપી થવાના અનેક કારણો અભ્યાસુઓએ જણાવ્યાં છે. પરંતુ બધા કારણોમાં ભકિતમાર્ગની આ ધારા લોકકેન્દ્રી બનીને રહી અને ચાલી તે ખૂબ મહત્વનું છે. સંસ્કુત ભાષાની ભભક તેમજ પ્રચુરતા સામે લોકવાણીની સરળતા લોક ખેંચાણનું મહત્વનું કારણ બની રહી. ઉપરાંત ભકિત આંદોલનમાં નારી શકિતના મહત્વનો પૂર્ણ સ્વીકાર થયો.આ માર્ગમાં જાતિ-પાતિના આવા કોઈ કૃત્રિમ નિષેધ ન હતા. ''પાટ પરંપરા'' માં તો નારીશકિતનો વિશેષ સ્વીકાર થયો. ઉપરાંત આ બધા સંતો-ભકત કવિઓ સંસાર વચ્ચે રહ્યાં અને ઉજળા જીવનના આદર્શોની સ્થાપ્રા કરતાં ગયા. સંત દેવીદાસ જેવા સંતોએ દીન-દુખિયા તથા રોગગ્રસ્ત ભાંડુઓની સેવાને જ પ્રભુભકિતના આદર્શ તરીકે સ્વીકારી રકતપિતીયાઓની સેવા કરી. કબીર સાહેબ સંત સાહિત્યનાં મેરુશિખર સમાન છે. આજે પણ તેમની કાળજયી રચનાઓ સમાન આદર ભાવથી અનેક લાકો સાંભળે છે. આજ રીતે રણુંજાના રામા રામદેવ બીજ માર્ગની ઉપાસનામાં મહત્વનું સ્થાન પામેલા છે. સંતકવિઓએ બાહ્ય આચાર વિચાર કરતા ભીતરના પરીવર્તને વિશેષ મહત્વના ગણ્યાં છે. નરભેરામ લખે છે :

નથી રામ ભભૂતિ ચોળ્યે
નથી ઉંધે શીર ઝોળ્યે
નથી નારી તજી વન જાતાં
જયાં લગી આપ ન ખોળે.

સંતવાણી કે ભજનવાણી એ આપણાં સાહિત્યનો એક મહત્વનો તથા સત્વ ધરાવનારો પ્રવાહ છે. આથી આ સાહિત્યનું તેના શૂધ્ધ સ્વરૂપે જતન થાય તે જોવાની આપણી ફરજ છે. આ ભવ્ય વારસાની અનેક વાતો સાંપ્રત કાળમાંપણ એટલીજ પ્રસ્તુત છે.

# આજે ગાંધીનગરમાં 'સંત સાહિત્ય' વિષયે વ્યાખ્યાન




● એન. પી. પટેલના સદ્ગત પિતા અને ગોદડીયા પરંપરાના પૂજ્ય સંત પ્રાગદાસજી બાપાની સ્મૃતિમાં 'સંત સાહિત્ય' વિષયક, લોકસાહિત્યના મર્મજ્ઞ વસંતભાઈ ગઢવીનું વકતવ્ય

ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને ખ્યાતનામ નગરશ્રેષ્ઠી એન.પી. પટેલના સદ્ગત પિતા અને ગોદડીયા પરંપરાના પૂજનીય સંત પ્રાગદાસજી બાપાની અમરસ્મૃતિમાં, એન.પી. પટેલના સૌજન્યથી 'સંત સાહિત્ય વિષયક વ્યાખ્યાન, લોકસાહિત્યના મર્મજ્ઞ અને જાણીતા કટાર લેખક, નિવૃત્ત આઈએએસ વસંતભાઈ ગઢવી, સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને અને પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, ઈતિહાસકાર, પત્રકાર, નિબંધકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષના અતિથિવિશેષ પદે આપશે. આ સાહિત્યિક મહેફિલ તા. ૨૭-૫-૨૦૧૭ને શનિવારા રોજ સવારે ૯.૩૦ કલાકે, બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, ફાર્મસી કૉલેજ કેમ્પસ, ઘ-૬ પાસે, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. તો સાથોસાથ ગાંધીનગર સાહિત્ય સભાના સર્જકોની કૃતિઓના સંચય 'શબ્દોત્સવ'નું પણ લોકાર્પણ થશે. તો આ સાહિત્યિક મહેફિલને માણવા અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિક - ભાવકો અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને નેહભર્યું નોંતરું છે.'

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સુપ્રસિદ્ધ સર્જક અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અણદાવાદના પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાનું વ્યાખ્યાન યોજાયું.

સાહિત્યસભાનાં સભ્ય સુ.શ્રી પ્રજ્ઞાબેન પટેલ દ્વારા તેમના સદ્ગત વાત્સલ્યમૂર્તિ માતા-પિતા સ્વ. રેવાબેન પટેલ તથા સ્વ. આત્મારામભાઈ કા. પટેલ, સમાજસેવી અને જાણીતા સાહિત્યકારની પૃણ્ય સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા માટે સહયોગ સાંપડ્યો હતો, જે અન્વયે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને સુપ્રસિદ્ધ સાહિત્ય સર્જક ચંદ્રકાન્ત ટોપીવાળાનું 'રચનાની આંતરકથા' વિષયક વકતવ્ય; લેખિકા શ્રીમતી શાલિનીબહેન ટોપીવાળાના અતિથિ વિશેષપદે અને ભરત કવિના અધ્યક્ષપદે તા. ૨૦-૫-૧૭ના રોજ સંપન્ન થયું.

આ વકતવ્યની સાહિત્યિક મહેફિલની શરુઆત 'આપને તારા અંતરનો એક તાર, બીજું હું કંઈ ન માંગુ રે!' પ્રાર્થનાથી જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવી. કાર્યક્રમની ભૂમિકા અને સંસ્થા પરિચય ઉપપ્રમુખ નટવર હેડાઉ દ્વારા આપવામાં આવ્યા. પ્રમુખ ભરત કવિ દ્વારા શાબ્દિક સ્વાગત કરતાં સર્વેને આવકાર આપી, મહેમાનોનો પરિચય કરાવવામાં આવ્યો. અતિથિ વિશેષ શ્રીમતી શાલિની બહેન ટોપીવાળાનું પુષ્પમાળાથી સભ્ય સ્વાતિબેન શુક્લ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. જયારે જયશ્રી ખેતિયા દ્વારા શાલ ઓઢાણીને અને કોષાધ્યક્ષ હરેશ ભટ્ટ દ્વારા પુસ્તક પુષ્પથી સન્માન કરવામાં આવ્યું. સંસ્થાના પ્રમુખ અને સભાધ્યક્ષ ભરત કવિ દ્વારા પુષ્પમાળાથી ચંદ્રકાન્ત ટોપીવાળાનું સ્વાગત કરી, શાલ ઓઢાણીને સન્માન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાળાનાં સહયોગી પ્રજ્ઞાબેન પટેલનું શાલ ઓઢાણીને ટોપીવાલા દ્વારા સન્માન કરવામાં આવ્યું.

શરુઆતમાં શાલિનીબહેન ટોપીવાળાએ પોતાના જીવનના અંતરંગ અને અનુભવોની વાત કરી. ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'રચનાની આંતરકથા'નું વકતવ્ય રજૂ કરતાં પૂર્વે હળવાશમાં કહ્યું કે, 'મહાદેવ ભેગો પોઠિયો પૂજાય છે.' પરંતુ આજે 'પાર્વતી'ને (પત્નિને) કારણે મહાદેવ (હું) પૂજાયા છે.

તેમણે કવિ અને તેના હૃદયમાંથી વલોવાઈને સ્ફૂરતિ કવિતા વિષે જણાવ્યું કે, માનવ માતાના ગર્ભમાં નવ માસ રહીને જન્મધારણ કરે છે; પરંતુ કવિનો શબ્દ જન્મ લે છે તેની પાછળ તેની ૨૫-૩૦ વર્ષની તપસ્યા હોય છે. આ બાબતે તેમને ઉમાશંકરના સાત ખંડોવાળા છેલ્લા કાવ્યનું દષ્ટાંત આપતાં જણાવ્યું કે જે લખવાની શરુઆત ૧૯૫૬માં થયેલ; જે છેલ્લા ચાર કાવ્યો ૧૯૮૧માં પૂર્ણ થયાં અને જે 'સ્વપ્નોને સળગવું હોય તો' રુપે પ્રગટ થયો. આમ કોઈ એક ભાવને, કોઈ એક ઉત્કલને ૨૫-૨૫ વર્ષ ધારી રાખ્યા પછી, તેનું પરિપક્વ અવતરણ આંતર વ્યાપાર - આંતરવ્યથાનું નિરુપણ કરે છે. આમ સાહિત્ય સર્જન એ ઊંડી સાધના અને અવિરત તપની બાબત છે. એક કવિતાની પાછળ ઘણા લાંબા સમયનું મનોમંથન, પીડા અને વ્યથા સંકળાયેલા હોય છે. રોબર્ટ ફોલ્સના કાવ્યની ચાર પંક્તિઓ જવાહરલાલ નહેરુએ લખીને પોતાના ટેબના કાચ નીચે રાખેલી. જેમાં બે પંક્તિઓ 'એન્ડ માઈલ્સ ટુ ગો બીફોર આઈ સ્લીપ' એક જ હોવા છતાં, તેનો ધ્વનિ કંઈક મુદ્દો અને અનેરો છે. ફ્રાન્સના કવિ 'વાલેરી' જેવી કવિતાની ઉત્તમ કવિતામાં ગણના થાય છે. તેની આંતરકથા તપાસતા જણાય છે કે તેણે લખતા લખતાં છોડી દીધું અને ૨૦-૨૫ વર્ષ સુધી કંઈ ન લખ્યું તેની કવિતાનો બલ્ક લઈને તેના મિત્રો આવ્યા અને પ્રથમ તો તેને બાજુ પર મૂકવાનું કહ્યું પરંતુ એ કાવ્ય સંપુટ હાથમાં લેતાં, તેના દિલમાં હલચલ મચી ગઈ, ૨૦ વર્ષ મૂંગા કવિને કવિતાનો ડંખ વાગ્યો. સાંજે કોફી હાઉસમાં કોફી પીતાં ન્યૂઝ પેપર વાંચતા ફ્રાન્સના નાટકની નાયિકા અભિનયનો રીવ્ય જુતો, સમુદ્ર કાંઠે ઊભેલી યુવતીની આંતરવેદના સ્ફૂરી અને લખાયું. 'લાર્જ એન્ડ પાર્ક' કાવ્ય જે જગતની એક ઉત્તમ રચના બની. આમ ૨૦ વર્ષના મૌન - વિરામ પછી અંતરવ્યથાથી એક અમણોલ કવિતા જન્મી, આમ કવિના એક ઉત્તમ સર્જન પાછળ વર્ષોના વર્ષો લાગે છે.

માનવ હિંસાતૂર અને હિંસાવ્યાકૂળ બનતો જાય છે. દંતકથાઓ જોઈશું તો જણાશે કે માનવ જીવનની શરુઆત નરબલિથી થાય છે. ત્યારબાદ પશુબલિ અને હવે નારિયેળ વધેરવાથી થાય છે.

આપણે નારિયેળ ફોડતા નથી, પરંતુ વધેરીએ છીએ. આમ આ શબ્દ પણ હિંસદ્યોતક છે. વાતવાતમાં મન હિંસા કરવા આતુર હોય છે. પરંતુ હિંસા થયા પછી વ્યાકુળ બની જાય છે. એક પ્રધાને 'કામાખ્યા' મંદિરમાં ૨૬૭ પાડાઓનો બલિ આપ્યો હતો. આમ માનવ સ્વાર્થમાં ગમે તે ઓથે

અનુસંધાન પાના નં. ૭ પર